'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦' અને મિશન સ્કૂલ્સ ઓફ એકસેલેન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તા યુક્ત શિક્ષણના હેતુ માટે ગુજરાત રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" બાબત

**ગુજરાત સરકાર**

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: **ED/MIS/e-file/3/2023/2870/G**

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૧૧/૦૭/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.)

(૨) નિયામકશ્રી શાળાઓની કચેરીનો તા.૨૧/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક: COS/SEC/e-file/276/2023/2014/SECONDARY

આમુખ:

ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમ (૧) પરના વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવથી "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦" અને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) અમલમાં મૂકેલ છે. જ્ઞાન સહાયક યોજના અંતર્ગત TAT પાસ ઉમેદવારોને તેઓના મેરીટ ક્રમ પ્રેફરન્સના ધોરણે શાળાઓની ફાળવણી કરવામાં આવે છે અને ઉમેદવારોને ફાળવેલ શાળામાં હાજર થઈ ૧૧ માસના કરાર આધારિત જ્ઞાન સહાયક તરીકે સેવા બજાવવાની રહે છે. શાળાઓને જ્ઞાન સહાયક ફાળવવાની આ પ્રક્રિયા સંપૂર્ણ કેંદ્રિકૃત્ત હોવાના કારણે વર્ષ દરમિયાન શાળામાં કોઈ શિક્ષક લાંબી રજા પર જાય, પ્રસુતિની રજા પર જાય, વય નિવૃત્તિને કારણે જગ્યા ખાલી પડે કે શાળામાં ફરજ બજાવતા જ્ઞાન સહાયક અધવચ્ચેથી કરાર તોડીને છુટા થાય ત્યારે શાળામાં તાત્કાલિક

ધોરણે નવા જ્ઞાન સહાયક ઉપલબ્ધ કરાવવા મુશ્કેલ બને છે. શાળાને નવા જ્ઞાન સહાયક ન મળે ત્યાં સુધી જગ્યા ખાલી રહેવાને કારણે શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિને વિપરીત અસર પડે છે.

શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળામાં નિયમિત શિક્ષકની કોઈ જગ્યા ખાલી પડે અથવા કોઈ જ્ઞાન સહાયક કોઈ કારણસર છુટા થાય ત્યારે ઝડપથી નવા જ્ઞાન સહાયક ઉપલબ્ધ કરાવી શકાય તે માટે હાલની જ્ઞાન સહાયક ફાળવણીની પ્રક્રિયામાં સુધારો કરવા વંચાણે લીધા ક્રમ (૨) પરના નિયામકશ્રી(શાળાઓ)ની કચેરીના તા.૨૧/૦૫/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત રજૂ કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાને અંતે વિવિધ કારણોસર શાળામાં નિયમિત શિક્ષક / જ્ઞાન સહાયકની કોઈ જગ્યા ખાલી પડે ત્યારે ઝડપથી નવા જ્ઞાન સહાયક ઉપલબ્ધ કરાવી શકાય તે માટે વંચાણે લીધા ક્રમ (૧) પરના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવથી નિયત કરેલ જ્ઞાન સહાયકની પસંદગી અને ફાળવણીની પ્રક્રિયામાં નીચે દર્શાવેલ પત્રકના કોલમ ૪ માં દર્શાવ્યા મુજબના સુધારા કરવામાં / નવી જોગવાઈ દાખલ કરવામાં આવે છે

| ક્રમ | શરત નંબર | તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | **ઉમેદવારની મહત્તમ વયમર્યાદા (અરજીની તારીખે)** | |
| ૧ | ૩(૨) | માધ્યમિક વિભાગ માટે ૪૦ વર્ષ અને ઉ.મા. વિભાગ માટે ૪૨ વર્ષ | માધ્યમિક વિભાગ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ બન્ને માટે ૪૫ વર્ષ |
| | | **કરારનો સમયગાળો** | |
| ૨ | ૩(૫) | જ્ઞાન સહાયકોની કામગીરી નો કરાર ૧૧ (અગિયાર) માસનો રહેશે (વેકેશન સિવાય) અગિયાર માસનાં કરારનો સમય પૂરો થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. | જ્ઞાન સહાયકોની કામગીરીનો કરાર મહત્તમ ૧૧ (અગિયાર) માસનો રહેશે (વેકેશન સિવાય). દર વર્ષે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આ કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન ગમે ત્યારે જ્ઞાન સહાયક સેવામાં જોડાયેલ હશે તો પણ |

| | | | |
|---|---|---|---|
| | | | તેઓનો કરાર જે તે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આપોઆપ રદ થયેલ ગણાશે. |
| | | **જ્ઞાન સહાયકની નિમણૂંક માટેની જગ્યાઓ** | |
| 3 | ૪(A) | મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ આવરી લેવાયેલ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં મંજૂર મહેકમ સામે ખાલી જગ્યા હોય અથવા બે માસ કરતા વધુ સમય માટે કોઈ શિક્ષક અગાઉથી મંજૂર કરાવીને રજા પર હોય તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીએ જ્ઞાન સહાયકની યાદીની માંગણી સમગ્ર- શિક્ષા કચેરી, ગાંધીનગરને કરવાની રહેશે. | મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ આવરી લેવાયેલ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં મંજૂર મહેકમ સામે ખાલી જગ્યા હોય અથવા બે માસ કરતા વધુ સમય માટે કોઈ શિક્ષક અગાઉથી મંજૂર કરાવીને રજા પર હોય તેવા કિસ્સામાં શાળાએ દર વર્ષે મોડામાં મોડા ૧૫ એપ્રિલે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને ખાલી જગ્યાઓની માહિતી મોકલી આપવાની રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીએ મોડામાં મોડા ૩૦ એપ્રિલ સુધીમાં સમગ્ર શિક્ષા કચેરીને માહિતી મોકલી આપવાની રહેશે અને સમગ્ર શિક્ષા કચેરીએ ઉક્ત વિગતોને આધારે વિષયવાર ખાલી જગ્યાઓની આખરી યાદી તૈયાર કરવાની રહેશે. |
| | | **જ્ઞાન સહાયકની શાળામાં ફાળવણીની પ્રક્રિયા** | |
| ૪ | ૪(B) i | સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર દ્વારા દર વર્ષે જ્ઞાન સહાયકો પાસેથી કામગીરી લેવાની છે તેવી શાળાઓની ખાલી જગ્યાની 'યાદી' પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે અને જે જ્ઞાન સહાયક અગાઉના વર્ષે જે શાળામાં હતા તે શાળા પસંદ કરે તો અગ્રિમતા આપવાની રહેશે. | સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગરે દર વર્ષે શૈક્ષણિક વર્ષ પુરાં થયાના ૧૫ દિવસમાં જ્ઞાન સહાયકો પાસેથી કામગીરી લેવાની છે તેવી શાળાઓની ખાલી જગ્યાની 'યાદી' પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે અને જે જ્ઞાન સહાયક અગાઉના વર્ષે જે શાળામાં હતા તે શાળા પસંદ કરે તો અગ્રિમતા આપવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| ૫ | ૪(B)ii | 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦' અને 'મિશન સ્કુલ્સ ઓફ એક્સેલેન્સ'ના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેયુ માટે શિક્ષણ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક) માં જે તે વખતના પ્રવર્તમાન ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો આ જગ્યાઓ માટે અરજી કરી શકશે અને આ શાળાઓ પૈકી તેઓ કઈ શાળામાં/શાળાઓમાં 'જ્ઞાન સહાયક' તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઇન(Online) આપશે. | 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦' અને 'મિશન સ્કુલ્સ ઓફ એક્સેલેન્સ'ના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે શિક્ષણ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક) માં જે તે વખતના પ્રવર્તમાન ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો આ જગ્યાઓ માટે અરજી કરી શકશે અને આ શાળાઓ પૈકી તેઓ કઈ શાળામાં/શાળાઓમાં 'જ્ઞાન સહાયક' તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઇન (Online) આપશે. વધુમાં ઉમેદવારને શાળા પસંદગી આપ્યા બાદ જો તેને કોઈ પણ શાળાની ફાળવણી ન થાય તો ક્યા જિલ્લાની પ્રતિક્ષા યાદીમાં તેમનો સમાવેશ કરવામાં આવે તેની પસંદગી પણ અરજી કરતી વખતે જ આપવાની રહેશે. |
| ૬ | ૪(B)iii | ત્યારબાદ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર Merit cum Preference ના આધારે શાળાવાર જ્ઞાન સહાયકની 'યાદી' તૈયાર કરી જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી મારફત 'શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ' (SMDC)/ શાળા સંચાલક મંડળને મોકલી આપશે. | ત્યારબાદ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર Merit cum Preference ના આધારે શાળાવાર જ્ઞાન સહાયકની 'યાદી' તૈયાર કરી જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી મારફત 'શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ' (SMDC)/ શાળા સંચાલક મંડળને મોકલી આપશે. વધુમાં શાળા ફાળવણી ન થવા પામેલ ઉમેદવારોની જિલ્લાવાર પ્રતિક્ષા યાદી પણ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને મોકલી આપવાની રહેશે. |
| ૭ | ૪(B)v | **નવી જોગવાઈ** | સમગ્ર શિક્ષા કચેરી દ્વારા શાળાવાર જ્ઞાન સહાયકની ફાળવણી થયા બાદ જો કોઈ જ્ઞાન |

| | | | |
|---|---|---|---|
| | | | સહાયક શાળામાં હાજર ન થાય કે વચ્ચેથી જ શાળા છોડી દે તો જિલ્લા શિક્ષણાધિકારી તેઓ પાસે ઉપલબ્ધ પ્રતિક્ષા યાદીમાંથી Merit cum Preference ના આધારે આવી ખાલી પડેલ જગ્યાઓ પર જ્ઞાન સહાયકની નિમણૂંક કરી શકશે. |
| | **જ્ઞાન સહાયકને અન્ય શાળામાં ફાળવણી માટેની પ્રક્રિયા** | | |
| ૮ | ૪(D)i | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં અથવા પ્રસૂતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે અથવા સરકારી શાળામાં બદલીથી અને બિન સરકારી અનુદાનિત શાળામાં ફાજલ શિક્ષક હાજર થયેથી કે અગિયાર માસ માટે, બેમાંથી જે વહેલું હોય તેટલાં સમય માટે કરવાનો રહેશે | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં અથવા પ્રસૂતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે અથવા સરકારી શાળામાં બદલીથી અને બિન સરકારી અનુદાનિત શાળામાં ફાજલ શિક્ષક હાજર થયેથી અથવા જે તે શૈક્ષણિક વર્ષના અંત સુધી કે અગિયાર માસ માટે, બેમાંથી જે વહેલું હોય તેટલાં સમય માટે કરવાનો રહેશે. |
| ૯ | ૪(D)ii | સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કામગીરી માટે રાખવામાં આવનાર જ્ઞાન સહાયકની જગ્યા પર નિયમિત રીતે નવી નિમણૂકથી કે બદલીથી કે ફાજલ નિમણૂકથી કોઈ શિક્ષક આવે તો આ જ્ઞાન સહાયકને છૂટા કરવાના રહેશે. | સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કામગીરી માટે રાખવામાં આવનાર જ્ઞાન સહાયકની જગ્યા પર નિયમિત રીતે નવી નિમણૂકથી કે બદલીથી કે ફાજલ નિમણૂકથી કોઈ શિક્ષક આવે તો આ જ્ઞાન સહાયકને છૂટા કરવાના રહેશે અને તેમનો સમાવેશ જિલ્લાની પ્રતિક્ષા યાદીમાં કરવાનો રહેશે. |
| ૧૦ | ૪(D)iii | આવા છૂટા થયેલ જ્ઞાન સહાયકને શક્ય હશે તો જે તે જિલ્લામાં અન્ય 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ'માં સમાવિષ્ટ શાળામાં જે તે વિષયની જગ્યા હોય તો | આવા છૂટા થયેલ જ્ઞાન સહાયકને શક્ય હશે તો જે તે જિલ્લામાં અન્ય 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ'માં સમાવિષ્ટ શાળામાં જે તે વિષયની જગ્યા હોય તો Merit cum |

| | | | |
|---|---|---|---|
| | | Merit cum Preference ના આધારે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી જે તે શાળાને ફાળવણી કરશે. | Preference ના આધારે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી જે તે શાળાને ફાળવણી કરશે. અન્ય શાળામાં ફાળવણી વખતે આવા છુટા કરાયેલ જ્ઞાન સહાયકોને અગ્રતા આપવાની રહેશે. |
| | | **જ્ઞાન સહાયકોના ઉચ્ચક માનદ વેતનની ચુકવણી** | |
| ૧૧ | ૪(E)iv | આ યોજના અંગેની ગ્રાન્ટ નિયામક, શાળાઓની કચેરી, ગાંધીનગરે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરને ફાળવવાની રહેશે | આ યોજના અંગેની ગ્રાન્ટ નિયામક, શાળાઓની કચેરી, ગાંધીનગરે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરને ફાળવવાની રહેશે. અને સમગ્ર શિક્ષા કચેરીએ સદર નાણાની ચૂકવણી યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે માટે જિલ્લા/શાળાના UTC મેળવી લેવાના રહેશે. |

ઉક્ત સુધારેલ જોગવાઇઓ સિવાય વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.)ની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખ: ૧૦/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(સતિશ જે. પરમાર)**

**સરકારના નાયબ સચિવ**

શિક્ષણ વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, સેક્ટર-૨૦, ગાંધીનગર.

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રા. મા. અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા. મા. પ્રૌઢ અને ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રા. અને મા. શિક્ષણ)ના અંગત સચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ (નિયામક શાળાઓની કચેરી મારફત).
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઠરાવ ઓનલાઇન મુકવા સારૂં)
- સેકશન અધિકારીશ્રી (ગ શાખા, ગ-૧ શાખા, ગ-૨ શાખા) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૫.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

---

* પત્ર દ્વારા